# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ પર્યુષણ વિભાગ ○

### ○ લેખક ○

**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# પર્યુષણ વિભાગ

યુગપ્રધાનાચાર્યસમ પ.પૂ.પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબે સૌથી અદ્ભુત કાર્ય કર્યું હોય તો તે પર્યુષણ માટે યુવાનો તૈયાર કર્યા. પર્યુષણમાં દરેક સંઘોમાં એક આરાધનાનો માહોલ બની ગયો છે. જેટલા સંઘોમાં હાલ માહોલ બની ગયો છે તેમાં પૂ. ગુરુદેવ મૂળમાં છે. હાલ ઘણા સમુદાયના યુવાનો પર્યુષણમાં જતાં થઇ ગયા. અનેક સંઘોમાં જાગૃતિ પેદા થઇ. નાના-મધ્યમ સંઘોમાં પણ ઘણા યુવાનો તથા પંડિતો પણ જતા થઇ ગયા છે.

ખાસ યુવાનોએ આ કાર્યમાં જોડાઇને અનેક સંઘોમાં ચેતના પેદા કરવાનું કાર્ય કરવું જરૂરી છે. જે સંઘમાં પૂ. સાધુ ભગવંતો હોય અથવા પૂ. સાધ્વીજી ભગવંતો હોય ત્યાંનું વાતાવરણ અદ્ભુત બને છે. પણ જે સંઘ નાના કે ત્યાં કોઇ વ્યવસ્થા નથી તો ત્યાં યુવાનો અથવા પંડિતવર્યો જાય તો એક પર્યુષણનો – ઉત્સાહનો માહોલ થાય. જે ખાસ જરૂરી છે. પર્યુષણના કારણે સંઘની વાર્ષિક આવક પણ પુરી થતી હોય છે. તે માટે જે વ્યક્તિએ જેટલી રકમ આપવાની હોય તેના ફોર્મ પહેલેથી ભરીને આપી દે તો પહેલાથી જ પુણ્ય બંધાવવાનું શરૂ થાય છે અને આજના અમુક વ્યક્તિઓને વ્યાખ્યાનમાં વિશેષ રસ હોવાથી તેઓને વ્યાખ્યાન પણ પૂરતું સાંભળવા મળે છે. જો સંઘના ટ્રસ્ટી જાગૃત હોય તો પહેલેથી પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને વિનંતી કરીને બોલાવે છે. પણ જો વ્યવસ્થા ન થઇ હોય તો ચોમાસા પહેલેથી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી દે છે. જેથી પર્યુષણમાં સંઘની આરાધના-વ્યાખ્યાન-પ્રતિક્રમણાદિ ઉલ્લાસભેર થાય અને સંઘના આર્થિક પ્રશ્ન વર્ષના પૂર્ણ થાય.

A Pari means all kinds and Ushan means to burn, so one meaning is to burn all kinds of karma.

Paryushan is observed to get closer to one's soul, through introspection, meditation and austerities.

There auspicious 8 or 10 days offer us an opportunity to focus on our spirituality with the hope that we will live a jain way of life for the rest of the year.

બીજું, જે સંઘમાં ઘણી મોટી પાઠશાળા ચાલતી હોય ત્યાં જે વિદ્યાર્થીએ પાંચ પ્રતિક્રમણ વિધિ સહિત પાકા કર્યા હોય અને ચૈત્યવંદન-થોય-સ્તવન-હાલરડું-૨૭ ભવનું સ્તવન–પંચ કલ્યાણકનું સ્તવનાદિ કર્યા હોય તેઓને આજુબાજુના સંઘોમાં પર્યુષણની આરાધના કરાવવા મોકલવા જોઇએ. તેથી આજુબાજુના નાના સંઘો આરાધનાથી વંચિત ન રહે. પર્યુષણના દિવસોમાં જ માહોલ સંઘમાં વિશેષ જામે. જો હજી બીજા ૧૦૦-૨૦૦-૫૦૦ યુવાનોના ગ્રુપ હોય તો તથા શ્રી સંઘોમાં ઉત્સાહનું વાતાવરણ બને તેથી હજી પર્યુષણની તૈયારી કરવાની Training આપવી જોઇએ. જેથી વધારે સંઘોનો લાભ મળે.

જે યુવાનો પર્યુષણ કરાવવા જાય છે તેઓના જીવનમાં પણ પુષ્કળ પરિવર્તન આવે છે. ઘણા યુવાનો વર્ષોથી ૧૨ દિવસ પર્યુષણ કરાવવા બીજા સંઘોમાં જાય છે. એક ભગવાનના શાસન પ્રત્યે વફાદારી પેદા થાય છે. તમારી પાઠશાળામાંથી પણ ૨-૫ ટીમો તૈયાર કરવી જોઇએ.